# 7. હું એવો ગુજરાતી

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:**

1) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કઈ નદીનો ઉલ્લેખ થયો છે?

(A) શેત્રુંજી

(B) મચ્છું

(C) તાપી

(D) નર્મદા

2) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ નરસિંહ મહેતાને શા માટે યાદ કરે છે?

(A) કવિતા માટે

(B) પ્રભાતિયાં માટે

(C) ભક્તિ માટે

(D) ભજન માટે

**2. નીચેના પ્રશ્નોનો એક વાક્યમાં ઉત્તર આપો:**

**1) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈની કઈ વિશેષતાને યાદ કરે છે?**

- આ કાવ્યમાં કવિ મહાત્મા ગાંધીજીના મૌન અને સરદાર વલ્લભભાઈની હાકલને યાદ કરે છે.

**2) કવિની છાતી શા માટે ગજ ગજ ફૂલે છે?**

- કવિ પોતે ગુજરાતી છે માટે તેમની છાતી ગજ ગજ ફુલે છે.

## 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો :

### 1) સત્યના આયુધની કઈ વિશેષતા છે?

- કવિએ ગાંધીજીના સત્યને આયુધ કહ્યું છે. વિશ્વમાં અનેક યુદ્ધો જાતજાતનાં આયુધોથીએ લડાયાં છે અને ભવિષ્યમાં પણ લડાશે; પરંતુ આ સત્યરૂપી આયુધની વિશેષતા એ છે કે ગાંધીજીએ એનાથી બ્રિટિશરોને ધ્રુજાવ્યા હતા અને ભારતને આ સત્યરૂપી આયુધને કારણે જ સ્વતંત્રતા મળી હતી. વિશ્વના ઇતિહાસમાં આ એક અનોખી ઘટના છે.

### 2) ગુજરાતી વ્યક્તિના શ્વાસોમાં અને પ્રાણોમાં શું રહેલું છે ?

- ગુજરાતી વ્યક્તિના શ્વાસોમાં ચરોતરની મહીસાગર નદીનાં પાણી વહે છે. એટલે એમનામાં એ પાણીનું ખમીર છે. એમના પ્રાણોમાં રત્નાકર ધબકે છે, એટલે કે એમનું જીવન રત્નાકર જેવું સમૃદ્ધ છે.

## 4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો :

### 1) 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ પોતે ગુજરાતી હોવાનું ગૌરવ કયાં કયાં કારણોસર અનુભવે છે?

- 'હું એવો ગુજરાતી' કાવ્યમાં કવિ પોતે ગુજરાતી હોવાનું ગૌરવ આ કારણોસર અનુભવે છે: કવિનાં અંગેઅંગમાં નર્મદા નદીનાં પાણી વહે છે અને શ્વાસમાં મહીસાગર છે. એનો દેહ અરવલ્લીનો છે. એના અસ્તિત્વમાં રત્નાકરના ધબકારા સંભળાય છે. આ જ ભૂમિ પર નવરાત્રિનો ગર્ભદીપ ઝળહળે છે. આ જ ભૂમિ શત્રુંજય પર્વતના શિખરથી શોભે છે. અહીં જ સૂર્યમંદિરના ગુંજારવ સંભળાય છે. અહીં જ શ્વેત તેજનો ભ્રમર છે. આ ભૂમિ પર ગિરનાર પર્વત પર અનેક મહાપુરુષોના ગોખ આવેલા છે. અહીંની દ્વારિકાનગરીમાં કૃષ્ણ પ્રેમભક્તિનો અમૃતરસ પાય છે. આ ભૂમિ પર જ દુહા-છંદની રમઝટ બોલાય છે અને ભગવાધારી સંતો ધ્યાન કરે છે. મીરાં કરતાલ લઈને કૃષ્ણનું ભજન કરે છે. આ ભૂમિ પર જ અનેક આખ્યાનો રચાયાં છે. વિજાણંદ અહીં વાજિંત્ર વગાડે છે અને નરસિંહ મહેતા પ્રભાતિયાં ગાય છે. આ જ ભૂમિ પર ગાંધીજી અને સરદાર જેવા મહાન પુરુષો જન્મ્યા છે. ગાંધીજીના મૌન અને સરદારની એક હાકનો જબરો પ્રભાવ હતો. ગાંધીજીએ ધારણ કરેલ સત્યરૂપી શસ્ત્રની સમગ્ર વિશ્વમાં ધાક હતી. સંતોએ સૌમ્ય સ્મિતથી આ ભૂમિને સજાવી છે, તો શૂરવીરોએ તલવારની ધારથી આ ભૂમિની રક્ષા કરી છે. આવી ભૂમિના પોતે સંતાન છે એનું કવિ ગૌરવ અનુભવે છે.

**2) કાવ્યપંક્તિ સમજાવો -**

**"હું મારી માટીનો જાયો, હું ગુર્જર અવતાર,**

**મારે શિર ભારતમાતાની આશિષનો વિસ્તાર"**

- 'હું એવો ગુજરાતી' ગીતની આ પંક્તિમાં કવિએ ભારતમાતાનું ગૌરવગાન કર્યું છે. કવિ કહે છે કે હું મારી માતૃભૂમિનો પુત્ર છું. હું જન્મે ગુજરાતી છું. મારા શિર પર ભારતમાતા સતત અઢળક આશિષ વરસાવે છે.